## Official Spokesperson's response to a query on reference to Jammu & Kashmir in the Joint Statement issued by China and Pakistan

March 17, 2020

## ચીન અને પાકિસ્તાન દ્વારા જમ્મુ અને કાશ્મીર બાબતે આપવામાં આવેલ છે યુદ્ધની યોજના અનુસંધાનમાં અધિકૃત વકતા દ્વારા કેવેરી નો પ્રતિભાવ:

માર્ચ 17 2020

**કેવેરી નો પ્રતિભાવ આપતા અધિકૃત વક્તા રવીશ કુમારે કહ્યું:**

'અમે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ દ્વારા તાજેતરની ચીનની મુલાકાત પછી ચીન અને પાકિસ્તાન દ્વારા જમ્મુ અને કાશ્મીર બાબતે બહાર પાડવામાં આવેલ સંયુક્ત નિવેદનના સંદર્ભને રદિયો આપીએ છીએ. જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશ એ ભારતનો જ એક ભાગ છે. જમ્મુ અને કાશ્મીર સંબંધિત મુદ્દાઓ એ ભારતની આંતરિક બાબત છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે જે રીતે ભારત બીજા દેશોની આંતરિક બાબતોમાં ટિપ્પણી કરવાથી દૂર રહે છે તેજ રીતે ચીન સહિત બીજા દેશો પણ જે ભારતની આંતરિક બાબતો છે તેમાં કોઈ ટિપ્પણી ના કરે અને ભારતનું સાર્વભૌમત્વ અને તેના વિસ્તારની અખંડિતતા નું સન્માન કરે.

બીજી બાજુ કહેવાતા ગેરકાયદેસર 'ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર' માં ની યોજનાઓ કે જે ભારતની સરહદની અંદર છે અને જેને 1947 વર્ષમાં પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજો કરવામાં આવેલ છે તેની સામે ભારત ચીન અને પાકિસ્તાન બંને સમક્ષ સખત રીતે પોતાનો વાંધો ઉઠાવે છે અને પોતાની ચિંતા દોહરાવે છે. પાકિસ્તાન કબજાગ્રસ્ત જમ્મુ અને કાશ્મીરની જે હાલની 'સ્ટેટસ કો' એટલે કે 'જેમ છે તેમ' ની પરિસ્થિતિ છે તે તેને બદલવા માટેના બીજા દેશોના કોઈપણ પગલાઓનો ભારત મજબૂતાઈથી વિરોધ કરે છે. અમે જે તે લાગુ પડતા પક્ષોને આવી ગતિવિધિઓ બંધ કરવા આહવાન કરીએ છીએ. આવી ગેરકાનૂની ગતિવિધિઓનો ભારત દ્વારા ક્યારેય પણ સ્વીકાર કરવામાં આવશે નહીં.'

**ન્યુ દિલ્હી**
**માર્ચ 17 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.